જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૬/૨૦૨૩    બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ઘાટલોડીયા વિસ્તારમાંથી હોન્ડા એક્ટીવાની ચોરી કરનાર એક ઇસમને ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે.શ્રી પ્રેમવીરસિંહ સાહેબ પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી નીરજકુમાર બડગુજર સાહેબ અધિક પોલીસ કમી.શ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. લવિના સિન્હા સાહેબ નાયબ પોલીસ કમી.શ્રી ઝોન-૧ તથા શ્રી જી.એચ.શ્યાન સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એ” ડિવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.જે.ચૌધરી સાહેબ નાઓના સુપરવીઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના કે.ડી.પટેલ પો.સબ.ઇન્સ. નાઓ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના **અ.પો.કો. ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં.૧૨૦૨૧ તથા અ.પો.કો સંજયભાઈ નાનુભાઈ બ.નં-૬૧૧૮** નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે વાહનચોરીનો ગુનો આચરેલ એક ઇસમને મોબાઇલ પોકેટકોપની મદદથી ચોરીના હોન્ડા એક્ટીવા સાથે પકડી પાડી ઘાટલોડીયા પો.સ્ટે.ના વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૧૩/૦૬/૨૦૨૩

**આરોપીનુ નામ સરનામુ-** (૧) સાગર ઉર્ફે સમીર સ/ઓ પુનમભાઇ ચમનભાઇ વાઘેલા ઉ.વ.૨૪ ધંધો-નોકરી રહેવાસી- મ.નં.એચ/૬૦૭, સાનીધ્ય ફ્લોરા ફ્લેટ, ખોડિયાર મંદિર પાસે, કાળીગામ રોડ, ન્યુ રાણીપ અમદાવાદ શહેર મો.નં.૮૫૧૧૩૭૬૪૩૯

**કબ્જે કરેલ મુદામાલ :** એક સફેદ કલરનુ એક્ટીવા નંબર GJ-01-UM-1633 નું સીલ્વર કલરનું જેનો એ.નં-JF50EU7432606 તથા ચે.નં-ME4JF50AMJU432656 જેની કિ.રૂ.૨૫,૦૦૦/- મત્તાનુ ગણી શકાય્

**ડીટેકટ થયેલ ગુનો:-**

(૧) ઘાટલોડીયા પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૪૨૩૦૧૭૭/૨૦૨૩ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :**

આ કામગીરીમાં પો.સ.ઈ શ્રી કે.ડી.પટેલ, અ.હે.કો અમિતકુમાર ગણેશભાઈ બ.નં-૪૫૯૬, અ.પો.કો ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં.૧૨૦૨૧, પો.કોન્સ. ભરતભાઇ દેવાભાઇ બ.નં.૭૧૬૫, પો.કોન્સ. કરશનભાઇ ગોવાભાઇ બ.નં-૧૦૨૦૯ તથા પો.કો.સંજયભાઇ નાનુભાઇ બ.નં. ૬૧૧૮ નોકરી-ઘાટલોડીયા પોલીસ સ્ટેશન નાઓ જોડાયેલ હતા.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૫ કેસ કરી, ૧૧૩ વ્યક્તિઓને ઝડપી, ૫૬૫ લીટર દેશી દારૂ, ૧૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૮ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૦,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૬૫/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સિટીઃ** જીગ્નેશ દિનેશચંદ્ર શાહ (રહે. રાવપુરા કો.ઓ.હાઉસીંગ સોસાયટી લીમીટેડ, મેમનગર ફાયર સ્ટેશન પાછળ, હિન્દુસ્તાન પેટ્રોલીયમ ઓફિસની બાજુમાં, નવરંગપુરા) એ તા.૧૩/૦૬/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૩ થી તા.૨૫/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના છતની કેબીનના દરવાજાની બાજુની બારીનો કાચ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના તેમજ ચાંદીના વાસણો મળી કિમત રૂપિયા ૧,૦૫,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

## બોટની પાળી ઉપરથી નદીમાં પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૯૬૬/૨૦૨૩

**રિવરફ્રંટ વેસ્ટઃ** ગુસાઈરામ ગીરધારીરામ જાટ (ઉ.વ.૨૪) (રહે. "એફ" ક્રિષ્નાપાર્ક સોસાયટી, સાયોનાપાર્ક, ગોતા) તા.૧૩/૦૬/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે વોક-વે સીડી નંબર-૫૬, વાસણા બેરેજ પાસે, ફ્લોટીંગ બોટ ઉપર ફર્નીચરનું કામ કરતા હતા દરમ્યાન બોટની લોખંડની પાળી ઉપરથી પગ લપસી જતા નદીના પાણીમાં પડતા ડુબી જતાં તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૭/૨૦૨૩**

**ખાડીયાઃ** પરેશભાઈ જગદીશભાઈ સોની (ઉ.વ.૬૮) (રહે. મહાલક્ષ્મીની પોળ રાયપુર)એ થોડા સમય પહેલા પડી જતા એક આંખમાં તકલીફ થતા દેખાવાનું બંધ થઈ જતા કંટાળી જઇ તા.૧૨/૦૬/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરીસિંહ રણછોડભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** પુનમભાઈ સ/ઓ લાલજીભાઈ મારવાડી (ઉ.વ.૩૬) (રહે. સંતોષીનગર ભાગ્યોદય સોસાયટી પાછળ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઇ કચરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી